

## મેઘરજના પહાડીયા ગામે દશેરાની ભવ્ય ઉજવણી

મેઘરજના વાત્રક નદીના સામે કાંઠે આવેલા પહાડીયા ગામે દર વર્ષે દશેરાના દિવસે રાવણ દહનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. આ વર્ષે રાવણદહનનો કાર્યક્રમ નગર અને તેની આજુબાજુની જનતાની હજારોની મેદની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. જેમાં આ વખતે રાવણ, કુંભકર્ણ અને મેઘનાથ એમ ત્રણ દહન કરવામાં આવ્યા હતા. દહન વખતે હાજર રહેલી જનમેદની પ્રજામાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ રાવણ દહનના કાર્યક્રમ પહેલા હાજર રહેલ જનમેદની ઉરીમાં શહીદ થયેલા વીર જાવનોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી.

# કરલી ગામે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ

ઊંઝા, તા. ૧૩

ઊંઝા તાલુકાના કરલી ગામે જૂની અદાવતે રાવળ જ્ઞાતિના બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થતાં બન્ને પક્ષોના લગભગ એક ડઝન જેટલા વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી. જેમાં ત્રણ જણાઓને ગંભીર ઈજાઓ થતાં તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

વિગત એવી છે કે ઊંઝા તાલુકાના કરલી ગામે જોગણી માતાજીના મંદિર પાસે રાવળ વાસમાં અગાઉ પાણી ભરવા બાબતે રાવળ જ્ઞાતિના માણસો વચ્ચે અંદરો અંદર બોલાચાલી થઈ હતી. જેની અદાવતમાં દશેરાના દિવસે મોડી સાંજના સમયે રાવળ જ્ઞાતિના બે જૂથો ગેરકાયદે મંડળી રચી પ્રાણઘાતક હથિયારો સાથે પોતાનો ઈરાદો પાડવા માટે સામસામે હૂમલાઓ કર્યા હતા. આ હિંસક અથડામણમાં બંને પક્ષોના એક ડઝન જેટલા વ્યક્તિઓને વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ હતી. જેમાં ત્રણ વ્યક્તિઓને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ જૂથ અથડામણમાં લાકડીઓ, ધારીયા, કુહાડી જેવા હથિયારોનો છૂટથી ઉપયોગ કર્યો હતો. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ભય સાથે નાસભાગ મચી ગઈ હતી. બન્ને પક્ષોની સામસામે ફરિયાદો નોંધાઈ હતી. જેમાં રાવળ દિનેશભાઈ ચમનભાઈની ફરિયાદના આધારે પોલીસે રાવળ વિરાભાઈ હરજીભાઈ રાવળ રમણભાઈ નારાયણભાઈ, રાવળ સોમાભાઈ અમથાભાઈ, રાવળ મનોજભાઈ રમણભાઈ, રાવળ રાજુભાઈ બાબુભાઈ, રાવળ ગુણવંતભાઈ નારાયણભાઈ, રાવળ હસમુખભાઈ કલાભાઈ, રાવળ મનુભાઈ ગાંડાભાઈ તમામ રહે. કરલી સામે હુલ્લડ, ખૂનની કોશીશ અને જાનથી મારી નાંખવાની ધમકી આપવા બાબતે ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

જ્યારે સામા પક્ષે ફરિયાદી રાવળ રમણભાઈ નારણભાઈએ પાંચ શખ્સો રાવળ વિષ્ણુભાઈ હરગોવિંદભાઈ, રાવળ રમેશભાઈ હરગોવિંદભાઈ, રાવળ દિનેશભાઈ ચમનભાઈ, રાવળ પ્રકાશભાઈ વિષ્ણુભાઈ અને રાવળ બાબુભાઈ ચમનભાઈ તમામ રહે. કરલી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે હુલ્લડ, ખૂનની કોશીશ અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



પાલનપુરમાં આવેલ જાણીતી શૈક્ષણિક સંસ્થા વિદ્યામંદિરના ગુજરાતી મીડિયમના નાના ભૂલકાઓ દ્વારા શશીવન ખાતે નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શૈક્ષણિક સ્ટાફ સાથે ભૂલકાઓના માતા-પિતાઓએ મા જગદંબાની સમૂહ આરતી ઉતારી મા ની આરાધના કરી હતી. ભણવામાં પહેલુ કદમ માંડતા ભૂલકાઓ દ્વારા પ્રાચીન અને અર્વાચીન ગરબાઓની સ્ટેપથી ગરબા રમી ઉપસ્થિત લોકોના દિલ જીતી લીધા હતા.

# મેઢાસણ-સરડોઈ રોડની બિસ્માર હાલતથી કંટાળી ગ્રામજનો દ્વારા ચક્કાજામ

મોડાસા તાલુકાના સરડોઈ-મેઢાણસનો ૬ કી.મી. રોડ અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ જતા ૧૫ જેટલા ગામોની પ્રજાને ભારે હાલાકી ભોગવવી પડે છે. ઠેર ઠેર માર્ગો પર પડેલા ખાડાઓ પ્રજાજનો હાલાકી ભોગવતા લોકોએ મોડાસા-હિંમતનગર રાજ્ય ધોરીમાર્ગ પર ઉતરી આવી ચક્કાજામ કરતા વાહનચાલકો ખસેડાયા હતા. મોડાસા રૂરલ પોલીસે રોડ ચક્કાજામના પગલે દોડી જઈ ૩૫ બનાવવામાં આવ્યો હતો. ત્યાર બાદ દર ચોમાસાની ઋતુમાં વરસાદના પગલે ૬ કીમી રોડ પર મસ-મોટા ગાબડા પડી જતા અને ૬ કીમીના રોડ પર ઠેર ઠેર ખાડાઓ અને ડામર કામ ધોવાઈ જતા ભંગાર રોડમાં ચક્કાજામની ચિમકી ઉચ્ચારવા છતાં જવાબદાર તંત્રના બહેરા કાને ચીમકી અથડાઈ હોય તેમ સરડોઈ-મેઢાસણ ૬ કીમી માર્ગ સમારકામ ન કરાતા બુધવારે ન છુટકે મેઢાસણ-સરડોઈ તેમજ આજુબાજુના ૧૦ જેટલા જામના દશ્યો સર્જાયા હતા. ગામલોકોના ચક્કાજામના પગલે વાહનવ્યવહાર થંભી જતા ચક્કાજામની જાણ મોડાસા રૂરલ પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી જઈ ૩૫ જેટલા





દ્વારા વારંવાર આરએન્ડબી સ્ટેટના નાયબ કાર્યપાલક ઈજનેરે રજૂઆત કરવા છતાં માર્ગ અને મકાન વિભાગના જવાબદાર અધિકારીઓ દ્વારા આંખ આડે કાન કરતા ન છૂટકે લોકોની અટકાયત કરી ચક્કાજામ ખુલ્લો કરતા વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

મેઢાસણ-સરડોઈ માર્ગ ૧૦ વર્ષ પહેલા નવો ડામર રોડ ફેરવાઈ ગયો હતો. ૧૦ થી વધુ ગામના લોકો અને સરડોઈના સરપંચ જયદત્તસીંહ પુવારે ભેગા મળી તંત્રને લેખીત રજૂઆત કરી તાબડતોડ સમારકામ નહિ કરવામાં આવે તો ગામના લોકો મોડાસા-હિંમતનગર મુખ્ય માર્ગ પર વાહનો અને લાકડાઓની આડાશ ઉભી કરી રોડ પર જ બેસી જઈ ચક્કાજામ કરતા વાહનવ્યવહાર અટકી જતા ટ્રાફિક વ્યક્તિઓની અટકાયત કરી ચક્કાજામ ખસેડી વાહનવ્યવહાર પૂર્વરત કરાયો હતો. મોડાસા રૂરલ પોલીસે તમામ અટકાયતી લોકોને ૨ કલાક પછી છોડી મુકાયા હતા.

# વનબંધુઓની એસ.ટી. સેવા છીનવાઈ

**કપડવંજ-વિજયનગર એસ.ટી. રૂટ બંધ કરાતા મુસાફરોમાં આક્રોશ : એસ.ટી. સેવા પુનઃ શરૂ ન કરાય તો જલદ આંદોલન**

ધનસુરા, તા. ૧૩

રાજ્ય સરકાર દ્વારા વનબંધુઓ માટે અવનવી યોજનાઓની જાહેરાતો કરવામાં આવે છે. અને તેની સવલતો વધારવા પ્રયત્નશીલ છે. ત્યારે બાયડ એસ.ટી. ડેપો હસ્તકનો કપડવંજ-વિજયનગરનો વર્ષો જુનો એસ.ટી. રૂટ અચાનક બંધ કરી દેવાતા પછાત વિસ્તારના મુસાફરોની મુશ્કેલીઓમાં વધારો થયો છે. આદિવાસી-વનબંધુઓ જે તાલુકાઓમાં વસે છે તેવા વિજયનગરના અંતરિયાળ ગામોના મુસાફરોની એસ.ટી. સેવા અચાનક છીનવાઈ જતાં પ્રજામાં રોષ ફેલાય છે.

આ અંગે મુસાફરોએ આક્રોશ ઠાલવતા જણાવેલ કે અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે સરકારી કચેરીએ કામકાજ માટે આવતા નાગરિકો ઉપરાંત સરકારી-અર્ધસરકારી કર્મચારીઓ, મોડાસા ઈજનેરી કોલેજ ખાતે અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ અને ધનસુરા નવોદય વિદ્યાલય ખાતે આવતા વાલીઓ ઉપરાંત ધનસુરા વિકલાંગ કચેરી ખાતે અપડાઉન કરતા વિકલાંગો માટે મોટી મુશ્કેલી ઉભી થઈ છે. વિજયનગર વિસ્તારના વિજયનગર ઉપરાંત કુંડોલપાલ, ભાગમેર, ઝાંઝરી જેવા અનેક ગામોની મુસાફરોની સવલત છીનવાઈ ગઈ છે. ત્યારે બાયડ એસ.ટી. ડેપો દ્વારા જુના સમય પત્રક પ્રમાણે આ એસ.ટી. રૂટ પુનઃ શરૂ કરવો અતિ આવશ્યક છે. જો એસ.ટી. તંત્ર દ્વારા પ્રજાની આ માંગણી નહીં સંતોષાય તો ગાંધી ચિંધ્યા માર્ગે જન આંદોલન કરાશે અને જરૂર પડે ચૂંટણી બહિષ્કાર જેવા જલદ કાર્યક્રમો દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવશે.

# મોડાસા હાઈસ્કૂલના શિક્ષકના પુસ્તક હૃદયાંકુરનું વિમોચન થયું

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના મોડાસા કેળવણી મંડળ અને કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલના શતાબ્દી ઉજવણીના ભાગરૂપે પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કે.એન. શાહ હાઈસ્કૂલના અંગ્રેજી વિષયના શિક્ષક કનુભાઈ આર. ખાંટ (શ્યામલ)ના કાવ્યસંગ્રહ હૃદયાંકુરનું વિમોચન કરવામાં આવ્યું હતું. જાણીતા કાર્યકર પરેશભાઈ કોઠારી, કેળવણી મંડળના પ્રમુખ બિપીનભાઈ શાહ, મંત્રી વલ્લભભાઈ પટેલ, કિરીટભાઈ શાહ, સર્વોદય હાઈસ્કૂલના ડૉ. રાકેશભાઈ આચાર્ય, મનીષભાઈ જોષી તેમજ શાળા સંકુલના તમામ આચાર્યોના હસ્તે કનુભાઈ ખાંટના તૃતીય પુસ્તક હૃદયાંકુરનું ભારે રંગેચંગે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સર્વોદય મોડાસા કલરવના તમામ શિક્ષકો, કર્મચારીઓ વિદ્યાર્થીઓ અને શ્રેષ્ઠીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કનુભાઈ ખાંટના કાવ્યસંગ્રહ હૃદયાંકુરના ૯ પ્રકરણમાં ૧૧૦ કવિતાઓ સામેલ છે. જેમાં પ્રકૃતિ પ્રેમ, લાગણી, ગુરૂ-સંસ્થા, માનવ, જિંદગી, જેવા વિષયોનું ખેડાણ રહેલુ છે. કનુભાઈ ખાંટના પ્રસ્તુત પુસ્તક કાવ્યસંગ્રહને પ્રમુખ બિપીનભાઈ શાહ, પરેશભાઈ કોઠારી તથા ઉપસ્થિત તમામ હોદેદારો આચાર્યો, શિક્ષકો અને નગરજનોએ વખાણ્યુ હતુ અને તેમને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા. આ અગાઉ કનુભાઈ ખાંટે પ્રોગ્રામ એન્કરીંગ જેવા અમૂલ્ય પુસ્તકો લખેલા છે જે ભારે ઉપયોગી થયા હતા. પુસ્તક વિમોચનના સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શાળાના શિક્ષક એસ.આર. પટેલે કર્યું હતું.

## મોટાકોટડા હાઈસ્કુલમાં મીનરલ વોટર આર.ઓ. પ્લાન્ટનું ખાતમુર્હત કરાયુ

ભિલોડા,તા.૧૩

શ્રી મોટાકોટડા સાર્વજનિક ટ્રસ્ટ સંચાલિત શ્રી ડી.કે.વ્યાસ હાઈસ્કુલમાં વિદ્યાર્થીઓના આરોગ્ય માટે મિનરલ વોટર પાણી મળી રહે તે મુખ્ય આશયથી મીનરલ વોટર આર.ઓ. પ્લાન્ટનું ખાતમુર્હત કરાયુ હતું. મોટાકોટડા ગામના દાતા કોદરીબેન જેસીંગભાઈ પટેલ, જયેશભાઈ, તર્જનીબેન તરફથી રૂા. ૨,૫૦,૦૦૦/- નું દાન મોટાકોટડા હાઈસ્કુલને મળેલ છે. વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી છે. શ્રી મોટા કોટડા સાર્વજનિક ટ્રસ્ટ મંત્રી કેશુભાઈ પી.પટેલ, ઉપપ્રમુખ જોરાવરસિંહ ભાટી, આચાર્ય આર. બી.પટેલ, સરપંચ મહેશભાઈ પટેલ, ગ્રામજનો દ્વારા મીનરલ વોટર આર.ઓ. પ્લાન્ટના દાતા પરીવારનું સન્માન કરાયું હતું.

## ઉપેરા ગામે છેડતી બાબતે ફરિયાદ

ઊંઝા, તા. ૧૩

ગઈરાત્રી તાલુકાના ઉપેરા ગામે દશેરાના દિવસે માંડવી વળાવતી વખતે ગામના જ ત્રણ યુવાનોએ બહારથી દર્શન કરવા માટે આવેલ એક પરિવારની સગીરવયની દિકરીની છેડતી કર્યા અંગેની ફરિયાદ નોંધાવેલ છે.

ઊંઝા તાલુકાના ઉપેરા ગામે દશેરાના દિવસે માતાજીની પલ્લી વળાવતી વેળા ગામના જ ત્રણ યુવાનોએ બહારથી દર્શન કરવા માટે આવેલ એક પરિવારની સગીરવયની દિકરી સાથે ધક્કામુક્કી કરી તેણીની છેડતી કરી હતી.

આ બાબતે ઊંઝા પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે ત્રણ આરોપીઓ મનિષ માધવલાલ પટેલ, ભાવેશ ચમનભાઈ પટેલ અને તેજસ રમણલાલ રહે. તમામ ઉપેરા વિરૂદ્ધ છેડતી અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સ્થાનિક ગ્રામજનોમાં ધિક્કાર સાથે રોષની લાગણી ફેલાઈ છે.



## મેઘરજમાં તાજીયા જુલુસ નીકળ્યુ

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં દર વર્ષની જેમ શહીદે આજમ ઈમામ હુસૈનની શહાદતની યાદમાં તાજીયા જુલુસ નીકળ્યું હતું. જેમાં ઈન્દિરાનગર અને વાસણા એમ ત્રણ તાજીયાના જુલુસ નગરના માર્ગો ઉપર થઈને નીકળ્યા હતા જે તેમના નીયત કરેલા રૂટ ઉપર ફરી અવનવા અખાડાના કરતબો દાવ યાહુસૈનના નારા સાથે બતાવ્યા ત્યારે આ તાજીયાને નિહાળતા લોકોમાં આ અખાડા આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ ત્રણેય જમાતના તાજીયાના જુલુસ મેઘરજ કસ્બા વિસ્તારમાં એકત્ર થઈ સાંજના સમયે મેઘરજ નદીમાં ઠંડા કરવામાં આવ્યા હતા.

## ભિલોડા તિરૂપતી સોસાયટીમાં રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં તિરૂપતી સોસાયટીમાં રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો.ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલએ રાવણના પુતળાનું દહન કરી જણાવ્યું હતું કે અધર્મ ઉપર ધર્મની જીતનો સંદેશો પાઠવ્યો હતો.

## ચિઠોડામાં રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૩

સાબરકાંઠા જીલ્લાના ચિઠોડા ગામમાં વિજયાદશમીના પાવન પર્વ નિમિત્તે શ્રી માંઈ મંડળ અને શ્રી ગણેશ યુવક મંડળ, ચિઠોડા ગામના નવયુવાનો અને ગ્રામજનો ધ્વારા રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે ચિઠોડા ગામના નવયુવાનો, ગ્રામજનો, અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



ભિલોડામાં લક્ષદિપ હેલ્થ કેર ધ્વારા સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ તા.૧૧/૧૦/૨૦૧૬ ને મંગળવારના રોજ યોજાયો હતો.સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પમાં ૫૧૧ થી વધુ દર્દીઓએ નિદાન કરાવી નિઃશુલ્ક સારવાર મેળવી રૂા.૫૧,૦૦૦/-ની દવાઓ નિઃશુલ્ક દર્દીઓને અપાઈ હતી.સ્વ.લક્ષ્મીબેન દિલીપભાઈ પરમાર,ફિમેલ હેલ્થ વર્કરની બે દિકરીઓ ધ્વારા શ્રધ્ધાંજલી અર્પવા સંદર્ભે લક્ષદિપ હેલ્થ કેરના ડાૅ.વિશાલદેવ ડી.સાહેબ,ડાૅ.શૈલદેવ ડી.સાહેબ,દિલીપભાઈ પરમારના પરીવાર ધ્વારા સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પમાં ભિલોડા પંથકના દર્દીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.





## મોડાસા ઓધારી તળાવ ગરબાથી ઝળહળી ઉઠ્યુ

નવરાત્રીમાં શક્તિની આરાધનાની સાથે સાથે ગરબાનું ઘરે ઘરે સ્થાપનનું અનેરૂ મહત્વ છે. અરવલ્લી જિલ્લામાં ઠેર ઠેર નવરાત્રી પર્વની શરૂઆતની સાથે માતાજીની ગરબી સ્થાપી ઘરે દસ દિવસ સુધી અખંડ જ્યોત જલાવી નવરાત્રી પુરી થતા મોડાસાના ઓધારી માતાજીના મંદિર પરિસરમાં ગરબા વળાવતા પરિસર દિવડાથી ઝગમગી ઉઠ્યુ હતુ. પરિસરમાં ગરબા અને દિવડાઓથી ભક્તિભાવપૂર્વક પ્રજાજનોએ દર્શનનો લાભ લીધો હતો.

**ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પાલનપુર**

**જાહેરાત**

આથી જનરલ વિમાનું કામકાજ કરતી તમામ વિમા કંપનીઓને જણાવવાનું કે, બજાર સમિતિ, પાલનપુરના બજાર વિસ્તારના ૫ થી ૭૦ વર્ષ સુધીની ઉંમરના ખેડૂતો અને ખેડૂત ખાતેદારના વારસદારો, બજાર સમિતિ, પાલનપુરના તમામ પ્રકારના લાયસન્સદારો, કર્મચારીઓ, તોલાટ -હમાલ, ગુમાસ્તાઓ વિગેરે તમામ વ્યક્તિઓના આકસ્મિક મૃત્યુ પ્રસંગે રૂ. ૧,૦૦,૦૦૦/- (એક લાખ)ની જનતાગૃપ અકસ્માત વિમા પોલીસી એક વર્ષ માટે લેવાની હોઈ રસ ધરાવતી વિમા કંપનીઓ પાસેથી સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે. જેના કોરા ટેન્ડર ફોર્મ બજાર સમિતિ, પાલનપુરની ઓફીસેથી રૂ. ૧૦૦/- રોકડા ભર્યેથી ઓફીસ સમય દરમિયાન તા. ૨૦/૧૦/૨૦૧૬ સુધી મળી શકશે. ભરેલ ટેન્ડર તા. ૨૧/૧૦/૨૦૧૬ ઓફીસ સમય સુધીમાં રૂબરૂ અથવા રજી.પો.એ.ડી.થી બજાર સમિતિ, પાલનપુરની ઓફીસે મોકલી આપવાના રહેશે.

**-: શરતો :-**

૧. શરતી ટેન્ડર રદબાતલ ગણાશે.
૨. આવેલ કોઈપણ ટેન્ડર મંજુર કરવા કે નામંજુર કરવા તે સંબંધેના તમામ હક્ક ચેરમેનશ્રી, બજાર સમિતિ, પાલનપુરને અબાધિત રહેશે. તે અંગેના કોઈ જ કારણો આપવામાં આવશે નહીં.

| જાલમભાઈ જી. પટેલ | ભગવાનભાઈ એચ. પટેલ | ફતાભાઈ પી. ધરીયા |
|---|---|---|
| સેક્રેટરી | વા. ચેરમેન | ચેરમેન |

**ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પાલનપુર**
સરદાર વલ્લભભાઈ પટેલ માર્કેટયાર્ડ, ડેરી રોડ,
પાલનપુર, ફોન નંબર : (૦૨૭૪૨) ૨૫૫૦૭૧

જા.નં. જાહેરાત/૩૬૬ તા. ૮/૧૧/૨૦૧૬